રાષ્ટ્રીય સામાજીક સહાય હેઠળની નવા નામાભિમાનવાળી સંકટ મોચન યોજના(રાષ્ટ્રીય કુંટુંબ સહાયયોજના) ની વહીવટી મંજૂરી અંગે.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: એનએસએપી-૧૦૨૦૦૨-આઇ.૨૪૬-છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 8 NOV 2005

વંચાણે લીધા : - (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૬-૧-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક: એનએસએપી-૧૦૨૦૦૨-આઇ.૨૪૬-છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ગાંધીનગરનો તા. ૨૬-૮-૨૦૦૫ ના પત્ર ક્રમાંક: નવપ-૨કમ-૨૦૦૫.૨૦૦૬-૧૨૬-૪૬૮૨

<u>સુધારા ઠરાવ</u> : -

સંદર્ભ- (૧) હેઠળના તા. ૬-૧-૨૦૦૫ ના ઠરાવથી રાષ્ટ્રીય સામાજીક સહાય હેઠળની નવા નામાભિમાનવાળી સંકટ મોચન યોજના ( રા.કુ.સ.યોજના ) ની વહીવટી મંજૂરી આપેલ છે. ઉક્ત ઠરાવમાં કુંટુંબ પરિવારની મુખ્ય કમાનાર વ્યકિતનું કુદરતી સંજોગોમાં અથવા અકુદરતી કે અકસ્માતમાં મૃત્યુ થાય ત્યારે કુંટુંબ ઉપર આવેલ આફતમાં તે કુંટુંબને સહાયરૂપ થઇ શકાય તે માટે રૂા. ૧૦,૦૦૦/- ની સહાય તરીકે ચૂકવવામાં આવે છે. પરંતુ મુખ્ય કમાનાર વ્યકિતનું મૃત્યુ થાય ત્યાર પછી તેના વારસદારે સહાય મેળવવા કેટલા સમયમાં અરજી કરવાની રહેશે. તે અંગે આ ઠરાવમાં સમય-મર્યાદા નકકી કરવામાં આવેલ ન હતી.

૨/- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના સંદર્ભ(૨) માં દર્શાવેલ પત્રથી મળેલ દરખાસ્ત અન્વયે સંકટ મોચન યોજનાની સહાય મેળવવા માટે અરજદારે કુંટુંબ/પરિવારની મુખ્ય કમાનાર વ્યકિતનું મૃત્યુ થાય તે તારીખથી બે વર્ષની મુદત સુધીમાં સહાય મંજૂર કરનાર સત્તાધિકારીને અરજી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે તા. ૬-૧-૨૦૦૫ ના ઉકત ઠરાવમાં નીચે મુજબ ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ ઠરાવના ફકરા-૨ (૫) પછી નીચે મુજબ શરત ઉમેરવામાં આવે છે.

(૬) સંકટ મોચન ( રાષ્ટ્રીય કુંટુંબ સહાય)યોજના અન્વયે કુંટુંબની મુખ્ય વ્યકિતનું અવસાન થાય ત્યારથી બે વર્ષની સમય-મર્યાદામાં અરજદારે અરજી કરવાની રહેશે.

(૨) ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી તેમના નામે,**

**( નંદકિશોર પટેલ)**
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

ક્રમાંક નવપ/વઅસ/રા.કુ.સ/૬૪૬૩/૨૦૦૫
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજય, ડૉ જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૧૬, જુના સચિવાલય,ગાંધીનગર.
તા.૨૩ -૧૧-૨૦૦૫

નકલ સાદર રવાના પ્રતિ,સર્વે કલેકટરશ્રીઓ, કલેકટર કચેરીઓ તરફ
" " " " સર્વે નાયબ કલેકટરશ્રીઓ, પ્રાંત કચેરીઓ તરફ
" " " " સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તરફ
" " " " સર્વે મ્યુનિસીપલ કોર્પોરેશન કમિશ્નરશ્રીઓ તરફ.

જાણ સારુ તથા અમલ થવા સારુ..

નાયબ નિયામક, ૨૩-૧૧-૦૫
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજય,ગાંધીનગર.